# APPENDIX -IV

*******

## SIXTEEN PERSONALITY FACTOR QUESTIONNAIRE

By - Raymond B.Cattell,
David P.Saunders,
Glen F.Stice

Adapted in Gujarati by -

R.J.Joshi

= = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = =

Appendix - 4

# SIXTEEN PERSONALITY FACTOR QUESTIONNAIRE


By P.

Raymond B. Cattell, David Saunders & Glen F. Stice Adapted in Gujarati

by

Shri R.J.Joshi B.Sc., M.Ed.


---

## -: સૂચના :-

<u>તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પુસ્તિકા ખોલશો નહિ.</u>

૧. તમારા વલણો અને રસ જાણવાના હેતુથી આ પુસ્તિકામાં કેટલાક વિધાનો આપવામાં આવ્યાં છે. દરેક વ્યક્તિને પોતાનું વલણ રજૂ કરવાનો હક્ક છે તેથી "સાચા" કે "ખોટા" જવાબ જેવુ કઈ નથી. વ્યક્તિને મદદરૂપ થઈ શકાય તે હેતુ હોવાથી તમારો જવાબ ચોકસાઈથી અને કોઈપણ જાતનો ક્ષોભ રાખ્યા સિવાય આપશો.

૨. તમારો જવાબ દર્શાવવા તમને જુદું જવાબપત્ર આપવામાં આવ્યુ છે. તમારું નામ અને બીજી માગેલી વિગતો તમારા જવાબપત્ર ઉપર લખો.

૩. આ પુસ્તિકામાં તમારે કોઈપણ જગાએ કઈપણ લખવાનું નથી. દરેક વિધાનના ત્રણ શકય જવાબો છે. જો તમારે (અ) જવાબને પસંદગી આપવાની હોયતોતે વિધાનનો જે અનુક્રમ નંબર હોય તે જવાબપત્રમાં શોધી તેની સામેના "અ" કોલમમાંના [illegible] (૪) કોસમાં આવુ (x) ચિહ્ન કરો. જો

---


Centre of Advanced Study in Education
Faculty of Education & Psychology
M.S. University Of Baroda.
Baroda.

(બ) જવાબ આપવાનો હોય તો "બ" કોલમમાના કૌંસમા અને (ક) જવાબ આપવાનો હોય તો "ક" કોલમમાના કૌંસમા ઉપર પ્રમાણે ચિહ્ન કરો.

૪. વિધાનો વાંચો અને કુદરતી રીતેજ તમારા મગજમાં જે જવાબ આવે તેજ આપો. લાંબો વિચાર કરવામાં સમય ગુમાવશો નહિ. તમારે દરેક વિધાનના જવાબ આપવાના છે. કોઈપણ વિધાનનો જવાબ આપવાનું બાકી રાખવાનું નથી.

૫. કેટલાક વિધાનો ટૂંકા હશે અને તમારે જોઈએ તેવી દરેક માહિતી આપે તેવાં નહિ હોયતો પણ પરિસ્થિતિ પ્રમાણે સામાન્ય હોય તે પ્રમાણે સમજીને જવાબ આપવાનો છે. કેટલાક વિધાનો તમને લાગુ નહિ પડતા હોય છતાં પણ તે અંગે તમે શું માનો છો તે જવાબ આપો. ઘણાં વિધાનો તમને અંગતરીતે લાગુ પડતાં હોય તો પણ તમારો સાચો અને પ્રમાણિક જવાબ આપતાં અચકાશો નહિ કારણકે તમારા જવાબો ખૂબજ ખાનગી રહેશે તેની ખાત્રી આપવામાં આવે છે. પરીક્ષકને આંજી દેવા ખાતર ખોટા જવાબ આપશો નહિ. ઘણા વિધાનોમાં સળંગ વાકયરચના બનાવવા (અ) અથવા (ક) વિકલ્પની સાથે વિધાનને છેડે નીચે લીટી દોરેલા સામાન્ય શબ્દોનો ઉપયોગ કરવાનો છે.

૬. પ્રથમ તમારે મહાવરા માટે નીચે આપેલા વિધાનોના જવાબ આપવાના છે. નમુનાના વિધાનો વાંચો અને જવાબપત્રમાં "નમુનાઓ" એવુ લખેલુ છે ત્યાં આગળ તમારો જવાબ આપો.

નમુનાઓ :-

૧. જૂથમાં રમી શકાતી હોય તેવી રમતો મને ગમે છે.
   (અ) હા
   (બ) પ્રસંગોપાત
   (ક) ના

૨. મને

(અ) ઓછા બોલા સ્વભાવના

(બ) અચોક્કસ

(ક) જે જલદીથી મિત્રો બનાવી શકતા હોય તેવા માણસો ગમે.

૩. "સ્ત્રી" અને"બાળક" ને જેવો સંબંધ છે તેવો "બિલાડીને"

(અ) બિલાડીનું બચ્ચું

(બ) કુરકુરીયું

(ક) છોકરું સાથે સંબંધ છે.

૭. હજુ પણ તમને આ બાબતમાં કંઈ શંકા રહેતી હોય તો કામ શરુ કરતા પહેલા પૂછી લો.

: હવે શરૂ કરો :

૧. જ્યારે હું કોઈ અજાણી, નિર્જન અંધારી શેરીમાંથી જતો હોઉં ત્યારે કંઈ જોખમ નથી એ જોવા માટે ચારે તરફ નજર કરું છું. Form B(76)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૨. જેમ "ઘડિયાળ" ને "સમય સાથે સંબંધ છે તેમ "દરજી" ને Form B(153)

(અ) શુટ

(બ) કાતર

(ક) કપડા સાથે સંબંધ છે.

૩. મને Form B(55)

(અ) જે માણસ મુલાકાતનો સમય આપીને મોડો આવે અને અગવડમાં મૂકે

(બ) અચોકકસ

(ક) જે ગપાટા મારે અને બધાને કંટાળો આપે એવા માણસ ઉપર ગુસ્સો આવે છે.

૪ મારા હાથમાં ભરેલી બંધુક હોય તો તેને હું ખાલી ન કરું ત્યાં સુધી ગભરાટ અનુભવું છું. Form B(32)

(અ) હા

(બ) અચોકકસ

(ક) ના

૫. મને મજાક કરવાનું કે રસિક વાતો કરવાનું ગમતું નથી. Form B(8)

(અ) સાચું

(બ) અનિશ્ચિત

(ક) ખોટું

૬. જ્યારે શહેરમાં ઘણી રખડતી અને રોગીષ્ટ બિલાડીઓ હોય ત્યારે Form B(84)

(અ) મારીનાખવી જોઇએ

(બ) અચોક્કસ

(ક) માનવતા બતાવીને દૂર હાંકી કાઢવી જોઇએ.

૭. અજાણ્યા માણસો સાથે વાત કરવામાં મને Form B(36)

(અ) સહેજ પણ મુશ્કેલી પડતી નથી

(બ) અનિશ્ચિત

(ક) મુશ્કેલી પડે છે.

૮. મને વેકેશનમાં Form B(62)

(અ) જ્યાં સારી રીતે રજા ગાળી શકાય એવા મારા વતનમાં રહેવાનું ગમે

(બ) અચોક્કસ

(ક) તદ્દન જુદાજ અને અત્યંત સુંદર બીજા દેશમાં રહેવાનું ગમે.

૯. વડીલો પ્રત્યે આદર અને આજ્ઞાપાલન સિવાય બાળકો માટે બીજી ઘણી અગત્યની બાબતો શીખવા જેવી છે. Form B(64)

(અ) સાચુ

(બ) અચોક્કસ

(ક) ખોટું.

૧૦. મને Form B(165)

(અ) ગમતા મિત્રો સાથે પાનાં રમવામાં

(બ) અચોક્કસ

(ક) આર્ટગેલેરીમાં સુંદર વસ્તુઓ જોવામાં સમય પસાર કરવો ગમે.

૧૧. મને Form A(67)

(અ) ખૂની કે ડાકુ જેવા ગુનેગારોની જેલ

(બ) અચોક્કસ

(ક) કોઇ આદર્શ ગામના ગંદા પાણીના નીકાલની ગટર યોજના જોવાની ગમે

૧૨. હું સમૂહમાં હોઉં તો પણ કેટલીક વખત મને એકલવાયું કે નિરર્થક લાગે છે. Form B(18)

(અ) હા
(બ) અચોક્કસ
(ક) ના

.૧૩ જો સારો પગાર મળે તો ગાંડાઓના [illegible] દવાખાનામાં દર્દીઓની સંભાળ રાખનાર સેવકનું જીવન ગમે. Form B(45)

(અ) હા
(બ) અચોક્કસ
(ક) ના

૧૪ હું Form A(96)

(અ) ઘણીવાર
(બ) ઘણા લોકો જેટલુંજ
(ક) ઘણું ઓછું વિજાતીય વ્યક્તિઓ સાથે ફરવા ગયો હોઈશ

૧૫ ગમે તેટલા કષ્ટદાયી વિઘ્નો નડે તો પણ હું મારા મૂળ ધ્યેયોને ખંતથી વળગી રહું છું. Form B(48)

(અ) હા
(બ) અચોક્કસ
(ક) ના

૧૬ જે કોઈ કારણસર હું ખૂબજ અસ્વસ્થ થઈ જાઉં છું તો સામાન્ય રીતે તુરતજ સ્વસ્થ પણ થઈ જાઉં છું. Form A(125)

(અ) હા
(બ) અચોક્કસ
(બ) ના

૧૭ મને ધંધામાં Form A(27)

(અ) હિસાબ અને પત્રકો રાખવાનું ગમે
(બ) અચોક્કસ
(ક) ગ્રાહકો સાથે વાતો કરવાનું ગમે.

૧૮ "થાક" સાથે જેમ "કામ" સંકળાયેલું છે તેમ "અભિમાન" સાથે Form A(53)

(અ) આરામ

(બ) સફળતા

(ક) કસરત સંકળાયેલ છે.

૧૯. જ્યારે લોકો અણછાજતું વર્તન કરે છે ત્યારે હું Form A(104)

(અ) શાન્ત રહું છું

(બ) અનિશ્ચિત

(ક) તેમને ધિક્કારું છું.

૨૦ સફળતા આડે ગમે તેટલા અંતરાયો હોય તો પણ હું સાહસ કરવામાં માનું છું. Form A(155)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૨૧ જેમાં થોડું સાહસ સંકળાયેલું હોય છતાં પણ પરિવર્તન, વૈવિધ્ય અને પ્રવાસનો Form A(183)
અવકાશ હોય તેવી નોકરી મને ગમે છે.

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૨૨ મારા કાર્યમાં આવતા અવરોધોને Form A(159)

(અ) હું સમયસર પહોંચી વળું છું

(બ) અચોક્કસ

(ક) આવતા પહેલાં સજ્જ થઇ જાઉં છું.

૨૩ જ્યારે મિત્રો વાતો કરતા હોય ત્યારે મને Form B(61)

(અ) કેટલીકવાર શાંતિથી સાંભળવાનું

(બ) અનિશ્ચિત

(ક) બીજા કરતાં વધારે ટીકા કરવાનું ગમે.

૨૪ હું. Form A(87)

(અ) લશ્કરી કે રાજકીય વાસ્તવિક અહેવાલો વાંચવાનું

(બ) અનિશ્ચિત

(ક) ઊર્મિપ્રધાન કાલ્પનિક નવલકથાઓ વાંચવાનું પસંદ કરું

૨૫ હું પ્રતિસ્પર્ધી સાથે ઈર્ષા કે વૈરવૃત્તિ સિવાય સ્પર્ધા કરું છું Form A(64)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૨૬ મૂર્ખ અને અવિચારી માણસો સાથે હું કુનેહ અને વિવેકથી વર્તુ છું. અને તેઓ કેવા સંકુચિત છે એનું તેમને ભાન કરાવવામાં માનતો નથી. Form B(15)

(અ) સાચું

(બ) અચોક્કસ

(ક) ખોટું.

૨૭ મને Form A(66)

(અ) ગૂંચવણભર્યા પ્રશ્નો મારી જાતે [illegible] ઉકેલવામાં

(બ) અચોકકસ

(ક) હાથ અને આંખની ચાલાકીનો ઉપયોગ કરવો પડે એવી રમતો રમવામાં મઝા આવે છે.

૨૮. હું કટોકટીની પળોમાં બધી શક્તિઓ ભેગી કરી ઝઝૂમું છું એમ મને ચોક્કસ લાગે છે.

(અ) હંમેશા Form A(19)

(બ) સામાન્ય રીતે

(ક) ભાગ્યેજ

૨૯ મને લાગે છે કે સમાજે બહુ ઝડપથી નવા રિવાજો સ્વીકારવા જોઈએ અને જૂની પરંપરાઓ તથા માત્ર પ્રણાલિકાઓ ત્યજવી જોઈએ. Form A(169)

(અ) હા

(બ) અચોકકસ

(ક) ના

૩૦ કોઈપણ અજાણ્યા શહેરમાં મારે કોઈ સ્થળ શોધવું હોય તો હું Form B(122)

(અ) ત્યાંના લોકોને પૂછીને શોધું

(બ) અચોક્કસ

(ક) નકશાની મદદથી શોધું

૩૧. આનંદ પ્રમોદની બાબતમાં મારો રસ બહુ ઝડપથી બદલાય છે એવું મને લાગે છે.

Form B(123)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૩૨ મુશ્કેલ કાર્ય કરવાનું હોય છે ત્યારે હું ધ્રૂજુ છું કે મને પરસેવો થઈ જાય છે Form A(149)

(અ) સામાન્ય રીતે

(બ) પ્રસંગોપાત

(ક) કદી નહિ.

૩૩ ચીજ વસ્તુઓ વેચવા માટે રખડવાનું અથવા જેમાં હું માનતો હોઉં એવા ઉમદા હેતુ માટે ફંડ ઉઘરાવવાનું મને Form B(152)

(અ) ખૂબજ ગમે

(બ) અચોક્કસ

(ક) સહેજપણ ન ગમે

૩૪ "જ્વાલા"ની જેમ "ગરમી" સાથે સંબંધ છે તેમ "ગુલાબ"ને Form A(153)

(અ) કંટક

(બ) લાલ પાંખડીઓ

(ક) સુગંધ <u>સાથે સંબંધ છે</u>

૩૫. મને લાગે છે કે ઘણાં ઉશ્કેરાટભર્યા અને થકવી નાખતા બનાવોથી દૂર રહેવું સારું છે. #

Form A(129)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૩૬ મને લાગે છે કે

(અ) હિંમતપૂર્વક પડકાર ઝીલવામાં

(બ) અનિશ્ચિત

(ક) બીજાના દૃષ્ટિબિંદુ પરત્વે સહિષ્ણુ થવામાં હું વધારે સારો છું

૩૭ કોઇપણ જાતના બદઇરાદા સિવાય મને લોકોની ઠઠ્ઠામશ્કરી કરવી ઘણી ગમે છે. Form B(33)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૩૮ લોકો ઓછું બોલે અને વધારે કામ કરે તો બધાજ સુખી થાય. Form B(160)

(અ) સાચું

(બ) અચોક્કસ

(ક) ખોટું

૩૯ પાર્ટી, ડાન્સ કે જાહેરસભા જેવા મોટા કાર્યક્રમોમાં શામેલ થવાનું મને હંમેશાં ગમે છે. Form A(36)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૪૦ મને સાંજનો સમય Form A(137)

(અ) પત્તા રમવામાં

(બ) અચોક્કસ

(ક) મિત્રો સાથે કોઇ પ્રોજેકટ પર કામ કરવામાં ગાળવાનું ગમે.

૪૧. હું માનું છું કે મોટા ભાગના લોકો માનસિક રીતે વિચિત્ર હોય છે પણ કબુલ કરવાનું તેઓ પસંદ કરતા નથી. Form A(138)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૪૨ મારી પર અભિનંદનનો અને પ્રસંશાની ઝડી વરસે ત્યારે હું બેચેન થઇ જાઉં છું. Form A(166)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૪૩ મને એવી નોકરી ગમે છે કે જે Form B(42)

(અ) સામાન્ય બાબતોમાંથી મારી સમક્ષ પ્રશ્નો ઊભા કરે

(બ) અચોક્કસ

(ક) એટલી સ્થિર હોય કે જેથી હું તેમાં પ્રવિણ બની શકું.

૪૪ જો કંઈ ખોટું કે અયોગ્ય થાય તો હું રડવા જેવો થઈ જાઉં છું. Form B(19)

(અ) હંમેશા

(બ) સામાન્ય રીતે

(ક) ભાગ્યેજ

૪૫ જ્યારે સામાજિક દ્રષ્ટિકોણમાં હું બીજાથી જુદો પડતો હોઉં ત્યારે મને Form B(95)

(અ) જે વ્યવહારિક ઉકેલ શકય હોય તે તુરત સ્વીકારવાનું ગમે

(બ) અચોક્કસ

(ક) આપણા મતભેદો પાછળ ખરેખર શું સમાયેલું છે તે મિત્રભાવે કહી દેવાનું ગમે.

૪૬ કોઈપણ સમસ્યા હું Form B(72)

(અ) એકલો

(બ) અચોક્કસ

(ક) બીજાઓ સાથે ચર્ચા વિચારણા કરીને વધારે સારી રીતે ઉકેલી શકું છું.

૪૭ મારી આસપાસ લોકો ઘોંઘાટ કરે તો પણ તેની ફિકર કર્યા સિવાય હું Form A(73)
ઘણા કામો કરી શકું.

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૪૮ દિવસભરના બનાવોનો વિચાર કરું છું ત્યારે કેટલીક વખત હું માનસિક Form A(49)
તંગદીલી અનુભવું છું.

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૪૯ મુસાફરી દરમિયાન મને Form A(101)

(અ) લોકો સાથે તેમના રસની વાતો કરવાનું

(બ) અચોક્કસ

(ક) બહારના કુદરતી દૃશ્યો જોવાનું ગમે

૫૦ નીચેનામાંથી કઈ સંખ્યા બીજા બે કરતાં જુદી પડે છે. Form B(53)

(અ) ૫

(બ) ૨

(ક) ૭

૫૧ જ્યારે હું રેડિયો મ્યુઝિક સાંભળતો હોઉં ત્યારે કોઈ મોટેથી વાતો કરે તો Form B(165)
~~ખલેલ પહોંચતી નથી~~

(અ) મને ખલેલ પહોંચતી નથી.

(બ) અચોક્કસ

(ક) મને લાગે છે કે મારા આનંદમાં ભંગ પડે છે અને તેથી હું ગુસ્સે થાઉં છું.

૫૨ હું મેલોઘેલો દેખાઉં તેવી નોકરી કરવામાં મને કોઈ પણ વાંધો નથી. Form A(57)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૫૩ મને ખાલી મજાક ખાતર અવિચારી સાહસિક કૃત્યો કરવામાં મઝા આવે છે. Form A(133)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૫૪ હું હંમેશાં કોઈપણ વસ્તુ નક્કી કરતી વખતે સદવર્તનના સિદ્ધાંતોને તપાસી જવાનો આગ્રહ રાખું છું. Form A(160)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૫૫ મોટા સમુદાયમાં સંબોધવાનું કે વાંચવાનું મને અઘરું લાગે છે. Form A(61)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૫૬ જ્યારે પરિસ્થિતિ ભયંકર થવાની હોય ત્યારે હું Form B(112)

(અ) હોહા કરી બૂમાબૂમ કરવાનું

(બ) અચોક્કસ

(ક) સ્વસ્થ અને શાંત રહેવાનું માનું છું

૫૭ મને લાગે છે કે બીજા લોકોની સરખામણીમાં મારી લાગણીઓની તીવ્રતા Form B(63)

(અ) સામાન્ય

(બ) અચોક્કસ

(ક) વધુ પડતી છે.

૫૮ કોઈપણ માણસે Form B(65)

(અ) જીવન અંગેના તત્વજ્ઞાનમાં

(બ) અચોક્કસ

(ક) તેના કુટુંબ માટે સારી આવક કરવામાં વધારે રસ લેવો જોઇએ.

૫૯ હોટલમાં જો કોઈ વાનગી ખરાબ મળે તો હું નોકરને કે મેનેજરને ફરિયાદ કરું છું

(અ) હા Form B(17)

(બ) અચોક્કસ

(ક) ના

૬૦ કોઈપણ કાર્ય કરવામાં લોકો મને સધ્ધર અને સ્વસ્થ વ્યક્તિ માને છે. Form A(168)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૬૧ જગતના આર્થિક અને શાન્તિના પ્રશ્નો હલ કરવામાં વસ્તી નિયંત્રણનો ફેલાવો જરૂરી છે. Form A(20)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૬૨ હું Form A(171)

(અ) સારા લખાયેલા પુસ્તકો વાંચીને

(બ) અચોક્કસ

(ક) સમૂહ ચર્ચાઓમાં ભાગ લઇને સારી રીતે શીખું છું.

૬૩ હું વાતો કરતો હોઉં ત્યારે Form A(123)

(અ) જે કંઇ વિચાર આવે તે એકદમ કહી દેવામાં.

(બ) અચોક્કસ

(ક) વિચારોને ચોક્કસ કરી વ્યકત કરવામાં મને વિશેષ રસ છે.

૬૪ મને કોઇ ચીઢવે તો હું Form B(125)

(અ) સહન કરી લઉં છું

(બ) અચોક્કસ

(ક) હૈયાવરાળ કાઢવા માટે કોઇકને કહું છું.

૬૫ કારખાનામાં મને Form B(26)

(અ) યન્ત્રો પર કામ કરવાનું

(બ) અચોક્કસ

(ક) લોકોના ઇન્ટરવ્યુ લઇ નોકરી પર રાખવાનું ગમે

૬૬ "જોડવાને" જેવો "સેળભેળ કરવું" સાથે સંબંધ છે તેવો "ટૂકડીનો" સંબંધ

(અ) ગેંગ ટોળુ Form B(152)

(બ) લશ્કર

(ક) ફૂટબોલ સાથે છે

૬૭ સૂતા પહેલા ચા, કોફી કે કોકાકોલા પીધી હોય કે ન પીધી હોય તોય મને સહેલાઇથી ઉંઘ આવી જાય છે. Form A(179)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૬૮ મને લાગે છે કે Form A(106)

(અ) વિનમ્ર અને શાંત

(બ) અનિશ્ચિત

(ક) ચપળ અને સ્ફુર્તિયુકત તરીકે ઓળખાવું વધારે સારું

૬૯ પાછળથી મુશ્કેલીમાં મૂકાવું પડે તો પણ મને ઉતાવળીયું કામ કરવાનું ગમે છે.

(અ) હા Form F(182)

(બ) અચોકસ

(ક) ના

૭૦ દરેક વ્યકિત પૂરતા પ્રયત્નો અને ખંત વ્દારા પોતાની જીંદગી સફળ બનાવી શકે છે. Form A(184)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૭૧ મને વાતો કરવામાં ખૂબ મઝા આવે છે. અને કોઇ અજાણ્યા માણસ સાથે વાતો કરવાની તક મળેતો હું ભાગ્યેજ જવા દઉ છું. Form B(136)

(અ) સાચું

(બ) અચોક્કસ

(ક) ખોટું

૭૨ મને સાંજના નવરાશના સમયે Form A(12)

(અ) કોઇ સારી ચોપડી વાંચવાનું

(બ) અનિશ્ચિત

(ક) મિત્રો સાથે મારા શોખનું કામ કરવાનું ગમે

૭૩. જો મને ચોક્કસ લાગે કે કોઇ વ્યકિત અન્યાયી છે કે સ્વાર્થી રીતે વર્તે છે તો મને થોડી તકલીફ પડે તો પણ હું તેને તેનુ ભાન કરાવું છું. Form A(113)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૭૪. કોઇપણ જાતના કારણ સિવાય મને મૂર્છાના ચક્કરનો કે માથુ ચઢવાનો અનુભવ થાય છે. Form B(115)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૭૫. આંતરરાષ્ટ્રિય કરારો કરવા કરતા રાષ્ટ્રનાં લશ્કરી દળો મજબૂત રાખવામાં ડહાપણ છે એમ હું માનું છું. Form B(167)

(અ) હા

(બ) અચોકકસ

(ક) ના.

૭૬. મારું બધુજ રાચરચીલું કોઇ નવી જગ્યાએ ખસેડવાનું હોય ત્યારે મને માનસિક વ્યથા જન્મે છે. Form B(69)

(અ) સાચું

(બ) અચોક્કસ

(ક) ખોટું

૭૭. હું છાપુ શરુ કરું તો Form B(46)

(અ) આધુનિક જગતના પાયાના સામાજિક પ્રશ્નો/ની ચર્ચાને

(બ) અચોક્કસ

(ક) બધાજ સ્થાનિક સમાચારોને મહત્વ આપું.

૭૮. મને લાગે છે કે મોટાભાગના લોકો ઘેટાની માફક વર્તે છે અને તેમના પોતાના હિતમાં શું છે તેની પણ તેમને ખબર હોતી નથી. Form B(47)

(અ) સાચું

(બ) અચોક્કસ

(ક) ખોટું

૭૯. હું કેટલીકવાર ઈર્ષાની લાગણીથી ખેંચાઈને વર્તન કરી બેસું છું. Form A(147)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૮૦. બીજા લોકોની મુશ્કેલીઓ કે બીજા લોકોના અકસ્માતો વિશેના વર્તમાનપત્રના સમાચારો Form B(174)

(અ) મારું ખાસ ધ્યાન ખેંચે છે.

(બ) અચોક્કસ

(ક) મારું ધ્યાન ખેંચતા નથી.

૮૧. મને Form B(52)

(અ) બાળકોની રમતો જોવાનું

(બ) અચોક્કસ

(ક) ઘડિયાળ બનાવનારને મદદ કરવાનું ગમે.

૮૨. નીચેનામાંથી કયો અપૂર્ણાંક બીજા બે થી જુદો પડે છે. Form A(78)

(અ) ૩/૭

(બ) ૩/૯

(ક) ૩/૧૧

૮૩. મને લાગે છે કે આધુનિક જીવનમાં ઘણાં બંધનો અને નિરાશાઓ છે. Form B(129)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૮૪. નવરાશના સમયમાં મને Form B(180)

(અ) પર્યટન અને સંશોધન કલબમાં જોડાવાનું ગમે

(બ) અચોક્કસ

(ક) સમાજસેવા કરવાની ગમે.

૮૫. મને ખાસ કરીને સાંજનો સમય Form A(158)

(અ) મારા પોતાના શોખમાં

(બ) અચોક્કસ

(ક) આકર્ષક પાર્ટીઓમાં પસાર કરવામાં આનંદ આવે છે.

૮૬. મજાક પાછળ સમય ન બગડે તે માટે કામનું આયોજન કરવાનું ઇચ્છનીય Form B(134) છે એમ મને લાગે છે.

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૮૭. મને Form B(111)

(અ) ઘણા સંબંધીઓ અને મિત્રો ગમે.

(બ) અચોક્કસ

(ક) બહુજ થોડા નિકટતાવાળા મિત્રો ગમે.

૮૮. હું શાળમાં Form A(37)

(અ) સંગીત

(બ) અચોક્કસ

(ક) હસ્તકલા પસંદ કરું છું

૮૯. કોઈજ કારણ સિવાય મારી પાછળ કેટલાક લોકો મારું ભૂંડું બોલે ત્યારે મને Form A(164) દુઃખ થાય છે.

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૯૦. કોઈપણ અજાણ્યા માણસ સાથે ભળતાં દરેકે સાવધ રહેવું જોઈએ કારણકે તેમાં ચેપ અને બીજી બાબતોનો ભય હોય છે. Form A(91)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના.

૯૧. કોઈપણ મને Form B(66)

(અ) મહાન ધાર્મિક ઉપદેશો

(બ) અચોક્કસ

(ક) આપણા રાષ્ટ્રની રાજકીય સંસ્થાઓ વિશેની ચોપડીઓ વાંચવી ગમે

૯૨. પૂરના કારણો સિવાય પ્રસંગોપાત હું માનસિક નબળાઈ, દુઃખ અને હતાશાની લાગણી અનુભવુ છું. Form B(119)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૯૩. ઉતાવળ અને ચીઢીયાં કર્યા સિવાય કોઈ દિવસ જે કંઈ કરવાનુ છે તે થઈજ ન શકે તેમ મને કેટલીક વખત લાગે છે. Form A(70)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૯૪. બીજાઓ સાથે ચર્ચા કરવાથી મને જેટલા વિચારો સ્ફુરે છે તેટલા પુસ્તકો વાંચવાથી સ્ફુરે છે. Form B(171)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૯૫. હું કહું છું તેજ સાચું છે એવી ખાત્રી થવા પછીજ દલીલ કરવાનુ મને ગમે છે. Form A(173)

(અ) હંમેશાં

(બ) સામાન્યરીતે

(ક) વ્યવહારુ હોય તોજ

૯૬. કોઈ મને શઠ જોવડાવે તો હું ધૂંધવાતો કે ધૂંવાપૂંવાં થતો નથી. Form B(150)

(અ) સાચુ

(બ) અચોક્કસ

(ક) ખોટુ

૯૭. વેકેશન દરેકને મળે અને પૂરતુ લાંબુ હોય તો સારું Form A(3)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૯૮. "આશ્ચર્ય" નો "અપરિચિત" સાથે જેવો સંબંધ છે તેમ "બીક" ને Form A(77)

(અ) શૌર્ય

(બ) ચિંતાતુર

(ક) ભયાનકતા સાથે સંબંધ છે.

૯૯. મને ખબર હોય કે હું જે કરું છુ તે અશકય છે તો પણ ના જવાબ સ્વીકારવાનુ મને આકરું લાગે છે. Form B(79)

(અ) સાચુ

(બ) અચોક્કસ

(ક) ના

૧૦૦ કોઇ પોતાનુ ધાર્યુ કરાવે તેવી વ્યકિત મને દોરવણી આપે તો હું તેને Form B(56)

(અ) ઠેકાણે કરી દઉ છુ.

(બ) અનિશ્ચિત

(ક) જવા દઉ છુ.

૧૦૧. હું માનું છું કે Form B(58)

(અ) ઘણાખરા પ્રસંગોએ ખાઇપીને મઝા કરવી જોઇએ

(બ) અનિશ્ચિત

(ક) રોજબરોજના વ્યવહારમાં ગંભીર રહેવુ જોઇએ.

૧૦૨. બે પાડોશીઓના બાળકોને લડતા જોઉતો તેમને Form A(9)

(અ) પોતાને સમાધાન પર આવવા દઉ

(બ) અચોક્કસ

(ક) સમજાવવા પ્રયત્ન કરું.

૧૦૩. જયારે હું સમૂહમાં હોઉં ત્યારે સામાન્યરીતે Form B(135)

(અ) મારી આસપાસ શું ચાલે તેનાથી વાકેફ રહું છું.

(બ) અચોક્કસ

(ક) મારા વિચારોમાજ કે પછી કરવાના કામમાં મગ્ન હોઉં છું.

૧૦૪. શિક્ષકોનો, ન્યાયમૂર્તિઓનો અને સુધરેલા લોકોનો મોભો તૂટતો મને મઝા આવે. Form B(162)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૦૫. હું માનું છું કે મુશ્કેલીઓમાંથી ઉગરવા કોઇપણ જૂઠું બોલે Form B(113)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૦૬. શેરીઓ કે દુકાનોના નામ જેવી ઓછી મહત્વની અને નજીવી બાબતો હું યાદ રાખતો નથી. Form A(65)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૦૭. હું માનું છું કે લોકોએ પોતાના નિર્ણયો Form A(41)

(અ) તેમની નૈસર્ગિક વૃત્તિઓથી દોરવાઇ

(બ) અચોક્કસ

(ક) નરી વાસ્તવિકતા અને બુધ્ધિપૂર્વકની ખાત્રીથી લેવા જોઇએ.

૧૦૮. જો ઓળખીતાઓ ખરાબ રીતે મારી સાથે વર્તે અને મારા તરફ અણગમો બતાવે તો Form A(93)

(અ) મારું રુંવાડુંયે ફરકતું નથી

(બ) અચોક્કસ

(ક) હું એકદમ ખિન્ન થઇ જાઉં છું.

૧૦૯. મંદિરમાં જવાનું ફરજિયાત હોય તો વધુ સારું Form A(95)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૧૦. મને રચનાત્મક કાર્ય Form A(22)

(અ) કમિટીની મદદથી

(બ) અચોક્કસ

(ક) એક બે સહાયકો સાથે કરવાનું ગમે

૧૧૧. જુદા જુદા સ્થળોની મુલાકાત લેતી વખતે, જમતી વખતે કે કામ કરતી વખતે Form B(124)

(અ) ઘડીકમાં એક વસ્તુ પર કે ઘડીકમાં બીજી વસ્તુ પર મારું મન જાય છે.

(બ) અચોક્કસ

(ક) હું પધ્ધતિસર અનુભવ કરું છું.

૧૧૨. ઘણાં લોકો સાથે હું જલદીથી ગુસ્સે થઇ જાઉં છું Form A(124)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૧૩. વેકેશનમાં મને Form B(3)

(અ) જનસમુદાયથી ભરચક હીલ સ્ટેશન પર

(બ) અચોક્કસ

(ક) શહેરની ધમાલથી ઘણે દૂર શાંત એકાંત ગામડામાં રહેવાનું ગમે.

૧૧૪. " ક્ષયપયક્ષક્ષયયયક્ષક્ષક્ષ "આ અક્ષરોની હારમાળાને લક્ષમાં રાખી નીચેનામાંથી કયો વિકલ્પ હારમાળાને છે મૂકી શકાય. Form A(128)

(અ) ક્ષ ય ક્ષ

(બ) ય ય ક્ષ

(ક) ય ક્ષ ક્ષ

૧૧૫. જો મારે બીજી જીંદગી જીવવાની હોય તો હું Form B(29)

(અ) તેનું જુદીજ રીતે આયોજન કરું.

(બ) અચોક્કસ

(ક) આવીજ જીંદગી પસંદ કરું

૧૧૬. વારંવાર હું અપરિચિતો સમક્ષ એમના પૂછવા વિના મારા રસની વાતો વિષે ચર્ચા કરું છું. Form A(131)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૧૭. જેવું કામ બંધ કરું કે તુરતજ એને મગજમાંથી કાઢી નાખીને વિસામો લેવાનું Form B(82) મારે માટે મુશ્કેલ બને છે.

(અ) સાચું

(બ) અનિશ્ચિત

(ક) ખોટું

૧૧૮. જ્યારે હું કંઈપણ કાર્ય કરું ત્યારે હું એજ બાબત ધ્યાનમાં રાખું છું કે Form B(159)

(અ) મારે જે કરવું છે તેજ થાય છે કે નહિ

(બ) અનિશ્ચિત

(ક) મારા સહકાર્યકરોને તેનાથી માઠાં પરિણામ ભોગવવા તો નહિ પડે ને!

૧૧૯. ઘણી અગત્યની રમતોમાં જીત કરતાં આનંદ મેળવવામાં મને વધુ રસ છે. Form A(111)

(અ) હંમેશાં

(બ) સામાન્ય રીતે

(ક) પ્રસંગોપાત

૧૨૦ હું લગભગ હંમેશાં મારા ઓરડામાં દરેક વસ્તુ યથાસ્થાને વ્યવસ્થિત ગોઠવેલી રાખું છું Form A(162)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૨૧ મને મારા કામનું કાળજીપૂર્વકનું આયોજન એટલા માટે ગમે છે કે તેથી મારા સહકાર્યકરો ઉપર તેની અસર થાય અને તેઓ મારા લક્ષને મેળવવામાં મદદ કરે. Form B(114)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૨૨. મારામિત્રો એમ માને છે કે હું સહેજ શૂન્યમનસ્ક અને અવ્યવહારું છું Form B(116)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૨૩. લોકોએ સૂચવ્યા હોય તેવા કૂટપ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કરવાનું મને ગમે છે. Form A(142)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૨૪. ઘણીવાર કોઈપણ જાતના કારણ વગર ખોટી બીક કે ઓચિંતો ભય હું અનુભવું છું. Form A(118)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૨૫. મને લાગે છે કે છૂટાછેડાની બાબતમાં જૂના રિવાજોની જેમ ચૂસ્ત રીતે નહિ વિચારતાં બંને પક્ષની સંમતિ હોય તો તેને આવકાર્ય બનાવવા જોઈએ. Form B(20)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૨૬. જ્યારે પ્રવાસ કે યાત્રા કરવાની હોય ત્યારે Form B(96)

(અ) હું કોઈકની ગોઠવેલી ટૂરમાં

(બ) અચોક્કસ

(ક) મને ગમે તેવાં સ્થળોએ જવાનું પસંદ કરું છું.

૧૨૭. શેરીમાં લોકોની દલીલો સાંભળવા ઊભા રહેવા કરતાં ચિત્રમાં પરોવાયેલા ચિત્રકારને જોવા માટે ઉભા રહેવાનું મને વધારે ગમે. Form A(48)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૨૮. હું જ્યારે માનસિક કે શારીરિક કામ કરતી હોઉં ત્યારે મારા સહકાર્યકરો આરામ કરે તો પણ તેની મારા મગજ પર કંઈજ અસર થતી નથી. Form A(175)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૨૯. જો પગાર સરખોજ હોય તો મને Form B(51)

(અ) સંશોધન કરતા રસાયણશાસ્ત્રી

(બ) અચોક્કસ

(ક) હોટલના મેનેજર બનવાનું ગમે

૧૩૦. "કદ" અને "લંબાઈ" સાથે જેવો સંબંધ છે તેવો "અપ્રમાણિકતા" ને Form A(102)

(અ) જેલ

(બ) ચિંતાતુર

(ક) ભયાનકતા સાથે સંબંધ છે.

૧૩૧. કોઈપણ જાતની મુશ્કેલી સિવાય હું મારી જૂની આદતોને સહેલાઈથી બદલી શકું છું એટલુંજ નહિ પણ એ આદતોને ફરીથી વશ પણ થતી નથી. Form A(105)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૩૨. મને લાગે છે કે ચર્ચામાં કોઈ માણસ ખોટો છે તો તેને હું એમ કહી દઉં છું. Form B(181)

(અ) સામાન્ય રીતે

(બ) કેટલીક વખત

(ક) જો બહું વિવેકથી એમ કહેવાય તોજ

૧૩૩. મોટા ભાગના લોકોને હોય છે તે કરતાં મારે ચોક્કસપણે ઓછા મિત્રો છે. Form A(82)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૩૪. મારો સમય અને શક્તિ Form B(34)

(અ) જાહેર જીવનમાં અને સામાજિક પ્રવૃત્તિઓમાં

(બ) અનિશ્ચિત

(ક) મારા કુટુંબીઓ અને નજીકના મિત્રો માટે ગાળવાનું ગમે.

૧૩૫. મારા કરતાં ઉંમર, અનુભવ અને હોદ્દામાં ચઢિયાતા માણસોની હાજરીમાં શાંત રહેવાનું હું પસંદ કરું છું. Form A(60)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૩૬. કલા અને સંગીતની બાબતમાં Form B(11)

(અ) ધોરણોનો વિચાર કર્યા સિવાય લોકો ને જેવી ગમે તેવી કૃતિઓ આપવી જોઇએ

(બ) અચોક્કસ

(ક) લોકોની રુચીને કાબૂમાં રાખે તેવા નિષ્ણાતોને તક આપીને ઉંચા ધોરણો જાળવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

૧૩૭. પોતાની જાતને વધુ પડતી અંકતા હોય તેવાં બણગાં ફૂંકનારા સાથે હું રહી શકું છું. Form A(13)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૩૮. હું નાનો હતો ત્યારે મને Form B(141)

(અ) યુદ્ધો અને જીત મેળવવાની વાતો

(બ) અચોક્કસ

(ક) કાલ્પનિક પરિકથાઓ વાંચવી ગમતી

----------

૧૩૯. જ્યારે ધીમે ધીમે વ્યાજબી કામ કરાવી શકાતું ન હોય ત્યારે કેટલીક વખત બળનો ઉપયોગ જરુરી બને છે. Form B(167)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૪૦. હું કોઇ ઊંડી ખાઈમાં, કેડી કે ઊંચા મકાનની ટોચ ઉપર હોઉં ત્યારે ઢીલો થઇ જાઉં છું. Form B(93)

(અ) કદી નહિ.

(બ) કોઈકવાર

(ક) સામાન્યરીતે

૧૪૧. સાંજના નવરાશના સમયે મને Form A(120)

(અ) મારા દેશના ઐતિહાસિક ચલચિત્રો જેવાનાં

(બ) અચોક્કસ

(ક) વૈજ્ઞાનિક નવલકથા કે વિજ્ઞાન અને સમાજ વિશેના નિબંધો વાંચવાના ગમે

૧૪૨. બીજાની ડખલ અને બીજાના સૂચના સિવાય મારે હાથેજ આયોજન કરવાનું મને ગમે. Form A(146)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૪૩. લોકો મારા માટે નીચો અભિપ્રાય ધરાવતા હોય તો પણ મારા મગજ પર તેની કંઈ અસર થતી નથી Form B(173)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૪૪. મને Form B(75)

(અ) મોટા વિકસતા શહેરમાં

(બ) અચોક્કસ

(ક) શાંત ગામડામાં રહેવાનું ગમે.

૧૪૫. ઉપયોગી વસ્તુની શોધખોળ કરું ત્યારે મને Form A(76)

(અ) પ્રયોગશાળામાં કામ કરવાનું ગમે

(બ) અચોક્કસ

(ક) એ ઉપયોગી વસ્તુ લોકોમાં જઇને વેચવાનું ગમે.

૧૪૬. નીચેનામાંથી કયો શબ્દ બીજા બે જેવો નથી. Form B(103)

(અ) ડાહ્યું

(બ) સુંદર

(ક) દયાળુ

૧૪૭. જંગલી પ્રાણીઓ લોખંડના પાંજરામાં હોય તો પણ હું ભયભીત બની જાઉં છું. Form A(5)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૪૮. મને લાગે છે કે Form B(57)

(અ) બીજાના વિચારો સાથે અનુકૂળ થવું

(બ) અચોક્કસ

(ક) મારા વિચારો અમલમાં મૂકવા વધારે મહત્વનું છે.

૧૪૯. લોકોની લાગણીઓ ન દુભાય એની ખાસ કાળજી હું રાખું છું. Form B(108)

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૫૦. જે સંજોગોમાં બીજાની લાવેલી અથવા બીજાને આપેલ વસ્તુઓ પરત થાય ત્યારે Form B(185)
હું કાળજીપૂર્વક ચકાસણી કરું છું.

(અ) હા

(બ) અનિશ્ચિત

(ક) ના

૧૫૧. આકર્ષક, અપરિચિત વિજાતીય વ્યકિત સાથે બોલવાનો પ્રસંગ આવે છે ત્યારે મારું ઓછાબોલાપણું આડખીલીરૂપ બને છે. Form A(85)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૫૨. વેકેશન પછી સામાન્ય રીતે મને નવેસરથી Form B(38)

(અ) કામ શરુ કરવાનો કંટાળો આવે છે.

(બ) અનિશ્ચિત

(ક) ફરીથી કામ કરવા તૈયાર હોઉં છું

૧૫૩. જેની સાથે સંકળાયેલો હોઉં તેવી વસ્તુ ભાંગી જાય કે ખરાબ થઇ જાય ત્યારે સામાન્યરીતે હું Form B(13)

(અ) તેને ફેંકી દઉં છું. અને તેનેબદલે નવી વસ્તુ લઉં છું.

(બ) અનિશ્ચિત

(ક) શક્ય હોઇ ત્યાં સુધી તેને સુધારીને કે સાંધીને વાપરું છું.

૧૫૪. મને હંમેશા મોટરો અને વિમાનો જેવી યાંત્રિક બાબતોમાં રસ પડે છે. Form A(141)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૫૫. કોઇ સારા યંત્ર કે સાધનની મદદથી મારું રોજિંદુ કામ કરવાનું ગમે છે. Form B(92)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૫૬. ગમે તેટલા અવરોધો આવે તો પણ મારો જુસ્સો સામાન્ય રીતે ટકી રહે છે. Form A(68)

(અ) સાચુ

(બ) અચોક્કસ

(ક) ખોટું

૧૫૭. લાગણીપ્રધાન અને ચીલાચાલુ માન્યતાઓ કરતાં બુધ્ધિયુકત વિચારોથી સમાજને વધારે સારી દોરવણી મળશે. Form B(145)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૫૮. "જે પોતે મહેનત કરે છે તેને ઇશ્વર મદદ કરે છે." એ કહેવત Form B(146)

(અ) તદ્દન સાચી છે.

(બ) અચોક્કસ

(ક) શંકાસ્પદ છે.

૧૫૯. કામમાં જ્યારે બીજાઓના હુકમનું પાલન કરવાનું હોય ત્યારે હું નાદીલી Form B(172) અનુભવું છું.

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના

૧૬૦. કેટલીક વખત ગભરાટથી અને દિવાસ્વપ્નથી હું મારું કામ ઉંચુ મૂકી દઉં છુંForm B(99)

(અ) હા

(બ) અચોક્કસ

(ક) ના